# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/**૧/ક્વા-૪/૧૯-૨૦/ ૨૫૪૬-૫ તા.૦૧-૦૬-૨૦૨૦

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No. PG- ૧/ક્વા-૪/૧૯-૨૦

અરજદાર: ગઢીયા વિનોદભાઈ રામજીભાઈ ગામ - રાજકોટ **સબડીવીઝન**: વાવડી રાજકોટ શહેર
રજૂઆત કરનાર: અરજદાર ગઢીયા વિનોદભાઈ રામજીભાઈ અને મયુરભાઈ પટેલ હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-3**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **પી.જે.મેહતા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-3** હાજર રહેલ છે.

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર ટેકનીકલ- શ્રી પી.એચ. માવાણી
3) મેમ્બર સ્વતંત્ર- શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૧૨-૦૩-૨૦૨૦ (ગુરુવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૨-૦૩-૨૦૨૦ (ગુરુવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓ ગ્રાહક નં. – ૩૪૫૧૪/૦૬૮૬૯/૧ થી થ્રી ફેઈઝ વીજજોડાણ ગઢીયા વિનોદભાઈ રામજીભાઈ ના નામે લીધેલ – જેનુ પ્રથમ બીલ તા.૧૭–૦૯–૧૯ ના રોજ રૂ.૭૨૦/– આવેલ. ત્યારબાદ, મીટરનો ડિસ્પલે બંધ થવાના કારણોસર – મીટર બદલાવેલ. ત્યારબાદ, બીજુ બીલ રૂ.૩,૯૮૭/– તા.૧૫–૧૧–૧૯ થી આપેલ. ત્યારબાદ, ત્રીજુ બીલ તા.૧૪–૦૯–૧૯ ના રોજ રૂ.૬,૫૬૯/– આવેલ. સદર **બાબતે** વાવડી પેટા વિભાગીય કચેરીમાં અનેકવાર રજુઆત કરવા છતા – હિસાબ કરીને આપેલ નથી.જેથી અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- વાવડી અર્બન સબડીવીઝનના અરજદાર ગઢિયા વિનોદભાઈ રામજીભાઈ નવું થ્રી ફેઇઝ NRGP જોડાણ તા.૦૭.૦૮.૨૦૧૯ ના રોજ રીલીઝ કરવામાં આવેલ ત્યાર બાદ સદર કનેક્શન નું વીજ બીલ માહે સપ્ટેમ્બર-૧૯ થી કરવામાં આવેલ. જે રીડીંગ ન લેવાયેલ હોવાથી ફક્ત ફિક્સ ચાર્જ લઇ રૂ.૭૨૦ નું તા.૧૭.૦૯.૧૯ ના રોજ બીલ બનાવવામાં આવેલ.

3.૧ ત્યાર બાદ માહે-ઓક્ટોબર-૧૯ નું તા.૧૨.૧૦.૧૯ ના રોજ બીલ બનાવવામાં આવેલ ત્યારે મીટર ફોલ્ટી જણાતા તેઓનું એવરેજ બીલ ૫૦૦ યુનિટ નું આપવામાં આવેલ ત્યાર બાદ સદર મીટર તા.૦૧.૧૧.૧૯ ના રોજ બદલી ને નવું મીટર મુકવામાં આવેલ ત્યાર બાદ માહે નવેમ્બર-૧૯ નું બીલ સીસ્ટમ માં ૦.૮333 ટકા મુજબ એટલે કે મીટર બદલ્યા ની તારીખ સુધી નું ૪૧૬ યુનિટ નું બીલ આપવામાં આવેલ ત્યાર બાદ સદર ગ્રાહક ની એવરેજ ૫૦૦ યુનિટ ની હોવાથી બાકી ૮૪ યુનિટ ના રૂ.૬૬૯.૩3 ડેબીટ કરવાના બાકી હોવાથી સદર કનેક્શન માં રૂ.૭૪૨.૬૮ ડેબીટ કરેલ. જે ૭૩.૩૫ રૂ. વધારે ડેબીટ કરેલ જે ધ્યાને આવતા આ ૭૩.૩૫ રૂ. સદર ગ્રાહક માં જાન્યુ-૨૦૨૦ માં જમા આપવામાં આવેલ છે.

3.૨ પરંતુ ગ્રાહક નું સદર જુનું ફોલ્ટી મીટર તા.૦૧.૧૧.૧૯ ના રોજ બદલવામાં આવેલ હોવાથી સદર ગ્રાહક ના નવેમ્બર-૧૯ ના બીલ ના જે સળંગ ૫૦૦ યુનિટ ના બીલ નો હિસાબ કરેલ તેમાંથી મીટર બદલ્યા તારીખ થી બિલિંગ તારીખ સુધીના ૧૫ દિવસો ની એવરેજ બીલ ૨૫૦ યુનિટ ના રૂ.૧૭૭૩.૭૫ સદર ગ્રાહક ના ખાતામાં જમા આપવામાં આવેલ છે જે નીચે મુજબ ના આઈડી નંબર થી ઈ-ઉર્જા માં જમા આપવામાં આવેલ છે જે હવે પછી ના બીલ માં ગ્રાહક ને મજરે મળશે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ગઢિયા વિનોદભાઈ રામજીભાઈ નવું થ્રી ફેઇઝ NRGP જોડાણ તા.૦૭.૦૮.૨૦૧૯ ના રોજ રીલીઝ કરવામાં આવેલ છે. પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ સદર કનેક્શન નું વીજ બીલ માહે

સપ્ટેમ્બર-૧૯ થી કરવામાં આવેલ જે રીડીંગ ન લેવાયેલ હોવાથી ફક્ત ફિક્સ ચાર્જ લઇ રૂ.૭૨૦ નું તા.૧૭.૦૯.૧૯ ના રોજ બીલ બનાવવામાં આવેલ.

૪.૨ ત્યાર બાદ માહે-ઓક્ટોબર-૧૯ નું તા.૧૨.૧૦.૧૯ ના રોજ બીલ બનાવવામાં આવેલ ત્યારે મીટર ફોલ્ટી જણાતા તેઓનું એવરેજ બીલ ૫૦૦ યુનિટ નું આપવામાં આવેલ.

૪.૩ મીટર ફોલ્ટી હોવાના રીમાર્કસ મુજબ સદર મીટર નં.૨૯૬૮૬૭ તા. ૦૧.૧૧.૨૦૧૯ ના રોજચેકિંગ શીટનં.-૧૧૩૮૭૪ થી સદર મીટર અરજદારના પ્રતિનિધિની હાજરીમાં બદલાવેલ તે મુજબ હાલ કોઈ વીજવપરાશ નથી-પડતર છે. અને મીટરના રીડીંગ અવાચ્ય ની નોંધ બતાવેલ છે. તેમજ સદર મીટરની તપાસણી માટે લેબોરેટરીમાં હાજર રહેવા અરજદારને ત્રણ તારીખો તા.૦૮.૧૧.૨૦૧૯- તા.૧૫.૧૧.૧૯ અને તા,૨૨.૧૧.૧૯ આપેલ અને નવું મીટર પ્રોફોર્માં નં.-૯૩૬૩૯૦ મુજબ શરૂઆતના રીડીંગ ૦૦૦૨ થી મુકીને વીજ પુરવઠો ચાલુ કરેલ છે.

૪.૪ ત્યાર બાદ તા. ૧૫.૧૧.૧૯ ના રોજ માહે નવેમ્બર-૧૯ ના બીલ માં મીટર ચેન્જની સ્થિતિ દર્શાવેલ છે અને (૮-૪) રીડીંગ ની નોંધ છે સદર બીલ અરજદારને એવરેજ મુજબ ૫૦૦ યુનિટનું રૂ.૩૯૮૭.૫૦ નું આપવામાં આવેલ છે.

૪.૪ પીજીવીસીએલ પક્ષકારની રજૂઆત મુજબ તા. ૧૫.૧૧.૧૯ ના રોજ માહે નવેમ્બર-૧૯ નું બીલ સીસ્ટમ માં ૦.૮૩૩૩ ટકા મુજબ એટલે કે મીટર બદલ્યા ની તારીખ ૦૧.૧૧.૨૦૧૯ સુધી નું ૪૧૬ યુનિટ નું બીલ આપવામાં આવેલ ત્યાર બાદ સદર ગ્રાહક ની એવરેજ ૫૦૦ યુનિટ ની હોવાથી બાકી ૮૪ યુનિટ ના રૂ.૬૬૯.૩૩ ડેબીટ કરવાના બાકી હોવાથી સદર કનેક્શન માં રૂ.૭૪૨.૬૮ ડેબીટ કરેલ. જે ૭૩.૩૫ રૂ. વધારે ડેબીટ કરેલ જે ધ્યાને આવતા આ ૭૩.૩૫ રૂ. સદર ગ્રાહક માં જાન્યુ-૨૦૨૦ માં જમા આપવામાં આવેલ છે.

૪.૫ અરજદારનું ફોલ્ટી મીટર નં.૨૯૬૮૬૭ મીટર ટેસ્ટીંગ લેબમાં તા. ૧૫.૧૧.૧૯ ના રોજ ચકાસણી કરવામાં આવેલ જેના રીપોર્ટ મુજબ સપ્લાય પર ડિસ્પ્લે આવેલ નથી-ડિસ્પ્લે ફોલ્ટી છે. બેટરી મોડ માં નીચે મુજબ પેરામીટર જોવા મળેલ છે. રીપોર્ટમાં કોઈપણ રીડિંગમાં પ્રોગ્રેસ જોવા મળેલ નથી.

| | તા. ૧૫.૧૧.૧૯ |
|---|---|
| | ૪.૬ |
| | ૪.૮ |
| | ૦ |
| | ૯.૧૦ |

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૩ મુજબની વિગતે તા. ૦૧.૧૧.૨૦૧૯ ના રોજચેકિંગ શીટનં.-૧૧૩૮૭૪ મુજબ કોઈ

વીજવપરાશ નથી-પડતર છે તેમજ મુદ્દા નં. ૪.૫ મુજબ બેટરી મોડ માં ૪.૬ રીડીંગ અને રીપોર્ટમાં કોઈપણ રીડિંગમાં પ્રોગ્રેસ જોવા મળેલ નથી. આમ સદર બાબતે સ્પષ્ટ ફલિત થાય છે કે સવાલવાળા મીટર માં અરજદાર દ્વારા ફક્ત ૪.૬ રીડીંગ સુધીનો વીજ વપરાશ કરવામાં આવેલ હોય અરજદારને આપવામાં આવેલ માહે-ઓક્ટોબર-૧૯ નું તા.૧૨.૧૦.૧૯ ના રોજ એવરેજ ૫૦૦ યુનિટ બીલ અને તા. ૧૫.૧૧.૧૯ ના રોજ માહે નવેમ્બર-૧૯ નું એવરેજ ૫૦૦ યુનિટનું બીલ રદબાતલ કરવું અને સદર રીવાઈઝ બીલ રીડીંગ ૪.૬ મુજબ ગણતરી કરીને અરજદારને અત્રેના ફોરમની જાણકારી હેઠળ દિવસ ૦૭ માં આપવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૭ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૬ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૮ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (કે. જે. મોટાણી) | (પી. એચ. માવાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: (૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯.